Extra No. 88

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, MARCH 24, 2026 / CHAITRA 3, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, અરવલ્લી સિંચાઈ વિભાગ, મોડાસાના પત્ર નં. HIPC3/0060/02/2026, Date:-21.02.2026

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૩(૧)નો ખંડ(ખ)

(૩) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી/વશી/૭૭/૨૦૨૬, તા.૨૧.૦૨.૨૦૨૬

(૪) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક:LIB/સિંચાઈ/કામગીરી/વાહન ડાયવર્ટ/અભિ./૨૫૯/૨૦૨૬, તા.૦૩.૦૩.૨૦૨૬

(૫) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસાનાઓના પત્ર નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૧૦૩/૨૦૨૬, તા.૦૩.૦૩.૨૦૨૬

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), મોડાસાનાઓના જા.નં.જી.પં./મા.મ./ અહેવાલ/વશી /૬૦૯/૨૦૨૬, તા.૦૩.૦૩.૨૦૨૬

-:જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે.

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૧૧૨/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, અરવલ્લી સિંચાઈ વિભાગ, મોડાસાનાઓએ વંચાણે લીધેલ પત્ર-(૧) ની વિગતે મેશ્વો જળાશય યોજના અંતર્ગતના મેશ્વો જળાશયના એપ્રોચ રોડ કે જે મેશ્વો જળાશયના મુખ્ય પાળાથી હિંમતપુર ગામ તરફ જાય છે. સદર માર્ગ આર.સી.સી બનાવવાની કામગીરી અર્થે વર્ક ઓર્ડર આપેલ છે. સદર રસ્તાની કામગીરી દરમ્યાન કોઈ પણ અડચણ કે અવરોધ ઉભા ન થાય અને કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટે સદર માર્ગ પરની અવર-જવર/વાહનવ્યવહાર તા.૧૬/૦૮/ ૨૦૨૬ સુધી સંપૂર્ણ બંધ કરીને વાહનોને વૈકલ્પિક રૂટ તરીકે શામળાજી- ભવાનપુર -ખોડંબા - નવલપુર રોડનો ઉપયોગ અર્થ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે. જે બાબતે રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણે લીધેલ-૨ અન્વયે કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ વંચાણે લીધેલ પત્ર-૩થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે સંબંધિત અધિકારીઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૪,૫ અને ૬ થી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.

વાસ્તે, હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ મેશ્વો ડેમથી હિંમતપુર ગામ તરફ જતા રસ્તાની મરામત કામગીરી કરવા અર્થે રૂટ ડાયવર્ટ કરવો જરૂરી હોઈ સદર વિસ્તારનો રસ્તો જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૧૬.૦૮.૨૦૨૬ સુધી બંધ રાખવાનું જરૂરી હોઈ આ રોડ પરથી પસાર થતા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું. આ સમય દરમિયાન પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના અભિપ્રાય મુજબ મેશ્વો ડેમથી હિંમતપુર ગામ તરફ જતા(ટીંટોઈ થી મેઘરજ જતા) વાહનોને ડાઈવર્ટ કરી શામળાજી-ખોડંબા-નવલપુર રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

વધુમાં, ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તા.૦૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પ્રશસ્તિ પારીક,
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 15:52:38 IST